**સીધી ભરતીમાં રાખવામાં આવતી પ્રતીક્ષાયાદીની મુદત અને ઉપયોગ બાબત.**

ગુજરાત સરકાર
સામાન્ય વહીવટ વિભાગ
ઠરાવ ક્રમાંક- પીએસસી.૧૦૮૯/૩૯૧૦/ગ-૨
સચિવાલય, ગાંધીનગર.
તા.૧૦/૦૮/૨૦૧૬

વંચાણે લીધા-: (૧) સામાન્ય વહીવટ વિભાગના તારીખ-૨૪/૧૨/૨૦૦૮ના પરિપત્ર ક્રમાંક-પીએસસી/૧૦૮૯/૩૯૧૦/ગ-૨

(૨) ભારત સરકારના મિનિસ્ટ્રી ઓફ પર્સોનેલ, પબ્લિક ગ્રીવન્સીસ એન્ડ પેન્શન્સનાં તા.૧૩/૬/૨૦૦૦ના ઓફિસ મેમોરેન્ડમ નં.૪૧૦૧૯/૧૮/ ૯૭-ઇએસટી(બી)

**આમુખ**

સામાન્ય વહીવટ વિભાગના તારીખ.૨૪/૧૨/૨૦૦૮ના પરિપત્ર ક્રમાંક-પીએસસી/૧૦૮૯/૩૯૧૦/ગ-૨ થી ગુજરાત જાહેર સેવા આયોગ અને અન્ય ભરતી એજન્સી દ્વારા કરવામાં આવતી સીધી ભરતી સમયે રાખવામાં આવતી પ્રતીક્ષા યાદીની મુદત અને ઉપયોગ બાબતે સુચનાઓ પ્રસિધ્ધ કરવામાં આવેલ છે.

અગાઉ ઘણા વર્ષો સુધી ભરતી થયેલ ન હોવાના કારણે વિવિધ કચેરીઓમાં અનુભવાતી અધિકારી/કર્મચારીઓની ખેંચને ધ્યાનમાં લઇને રાજ્ય સરકારે ૧૦ વર્ષિય ભરતી કેલેન્ડર તૈયાર કરેલ છે અને આયોજન બધ્ધ રીતે ભરતીઓ કરવાની કાર્યવાહી ઝૂંબેશ સ્વરૂપે હાથ ધરેલ છે. આને લીધે તમામ વિભાગોમાં એકસાથે મોટા પ્રમાણમાં ભરતી થઇ રહી છે. એક સંવર્ગમાં ભરતી થયેલ ઉમેદવાર અન્ય સંવર્ગમાં નિમણૂક થતાં મૂળ સંવર્ગ છોડી જવાનું પ્રમાણ વર્ગ-૩ના સંવર્ગમાં ખૂબ મોટા પ્રમાણમાં જોવા મળ્યું છે. જેને લીધે વર્ગ-૩ના વિવિધ સંવર્ગોની જગ્યાઓ ખૂબ મોટા પ્રમાણમાં ખાલી પડે છે. આમ, રાજ્ય સરકાર નિમણૂક આપે ત્યાર બાદ એક વર્ષમાં ખૂબ મોટા પ્રમાણમાં જગ્યાઓ ખાલી પડવાનું રાજ્ય સરકારના ધ્યાનમાં આવેલ છે. આને લીધે જે તે સંવર્ગમાં કરેલ ભરતી અન્વયે ઉમેદવારની પ્રતીક્ષા યાદી ઉપલબ્ધ હોવા છતાં આવી ખાલી પડેલ જગ્યા નવી ખાલી જગ્યા ગણાતી હોવાને લીધે આ જગ્યા જે તે પ્રતીક્ષા યાદીમાંથી ભરી શકાતી નથી.

પાંચમા કેન્દ્રિય નાણા પંચના અહેવાલના ફકરા ૧૭.૧૧ માં જગ્યાઓ ટૂંક સમયમાં ખાલી પડે તો તે ભરવા અંગેની સમસ્યાનું નિરાકરણ લાવવા જે તે સંવર્ગમાં નિમણૂક આપ્યાના એક વર્ષમાં રાજીનામું, મૃત્યુ કે જગ્યા છોડી જવાને કારણે જે જગ્યાઓ ખાલી પડે તે જગ્યાઓ પ્રતીક્ષા યાદીમાંથી ભરવા ભલામણ કરવામાં આવેલ. આ અંગે યુનિયન પબ્લિક સર્વિસ કમિશન સાથે પરામર્શ કર્યા બાદ ભારત સરકારના ડિપાર્ટમેન્ટ ઓફ પર્સોનેલ એન્ડ ટ્રેનિંગ દ્વારા વંચાણે લીધા ક્રમાંક (૨)માં દર્શાવેલ તા.૧૩/૬/૨૦૦૦ ના ઓફીસ મેમોરેન્ડમથી ઠરાવવામાં આવેલ છે કે, જે કેસમાં ભલામણ કરવામાં આવેલ ઉમેદવાર હાજર ન થાય કે નિમણૂક આપ્યા બાદ એક વર્ષમાં રાજીનામું આપે, મૃત્યુ પામે કે સંવર્ગ છોડી જાય તો આવી ખાલી જગ્યાને નવી ખાલી જગ્યા ન ગણતાં જે તે પ્રતીક્ષા યાદીમાંથી ભરવી.

રાજ્ય સરકારે અગાઉ જગ્યાઓ ખાલી પડવાની ગતિશીલતાને ધ્યાનમાં લઇને તા.૨૪/૧૨/૦૮ના પરિપત્રમાં સીધી પસંદગીમાં તબીબી અને શૈક્ષણિક પ્રકારની જગ્યાઓમાં ગતિશીલતા વધુ હોવાને લીધે સીધી ભરતીના આવા કિસ્સામાં ભલામણ કરેલ ઉમેદવાર હાજર ન થાય તો તે જગ્યા ભરવા તેમજ ઉમેદવાર હાજર થયા બાદ અજમાયશી સમય દરમ્યાન રાજીનામું આપે કે અન્ય કારણસર ફરજમુક્ત થાય અને જગ્યા ખાલી પડે તો તે ભરવા માટે સંબંધિત વિભાગ પ્રતીક્ષા યાદી પરથી ઉમેદવારોની માંગણી કરી શકશે આ મુજબની જોગવાઇ કરેલ છે.

હાલમાં, અન્ય વિભાગોના વર્ગ-૧ અને વર્ગ-૨ ના સંવર્ગોમાં નિમણૂક આપ્યા બાદ એક વર્ષમાં સંવર્ગ છોડી જવાનું પ્રમાણ મોટા પ્રમાણમાં જોવા મળ્યું નથી. પરંતુ, વર્ગ-૩ સંવર્ગમાં આ પ્રમાણ ખૂબ જ મોટા પ્રમાણમાં જોવા મળેલ છે અને તેને લીધે જગ્યાઓ ખાલી રહેવાને કારણે પ્રજાકિય કામગીરીમાં વહીવટી તંત્રને ખૂબ જ મુશ્કેલી અનુભવવી પડે છે.

આ બધી બાબતો ધ્યાનમાં લઇને આમુખમાં દર્શાવેલ તા.૨૪/૧૨/૨૦૦૮ના પરિપત્રની જોગવાઇઓમાં પ્રતીક્ષા યાદી સંદર્ભે વર્ગ-૩ સંવર્ગની ભરતી માટે નવી જોગવાઇ દાખલ કરવાની બાબત રાજ્ય સરકારની વિચારણામાં હતી.

**ઠ રા વઃ**

પુખ્ત વિચારણાને અંતે રાજ્ય સરકારની વર્ગ-૩ ની સીધી ભરતીથી ભરવાની થતી તમામ જગ્યાઓમાં પ્રતીક્ષા યાદીના ઉપયોગ અંગે આમુખમાં દર્શાવેલ તા.૨૪/૧૨/૨૦૦૮ના પરિપત્રમાંની હાલની જોગવાઇ ક્રમાંક (૩) પછી નીચે મુજબની જોગવાઇ દાખલ કરવા આથી ઠરાવવામાં આવે છે.

" (૪) રાજ્ય સરકારની વર્ગ–૩ની સીધી ભરતીથી ભરવાની થતી તમામ જગ્યાઓમાં આયોગ અથવા નિયત ભરતી પસંદગી મંડળ દ્વારા ભલામણ કરેલ ઉમેદવાર હાજર થયા બાદ એક વર્ષમાં રાજીનામું આપીને, મૃત્યુ કે અન્ય કારણસર નોકરી છોડી જાય અને જગ્યા ખાલી પડે તો તે જગ્યા પ્રતિક્ષા યાદી પરના ઉમેદવારોમાંથી ભરી શકાશે.

(૫) પ્રતીક્ષા યાદીનું કદ જાહેરાતમાં દર્શાવેલ જગ્યાના ૨૦ ટકા રાખવાનું રહેશે.

(૬) પસંદગી યાદીના ઉમેદવારને નિમણૂક આપવામાં આવે અને તે હાજર ન થાય અથવા એક વર્ષમાં નોકરી છોડીને જતા રહે, કે મૃત્યુ થાય તો જે જગ્યાઓ ખાલી પડે તે જે કેટેગરીની જગ્યા હોય તે જ કેટેગરીના ઉમેદવારો માટે પ્રતીક્ષા યાદી માંથી નામો મેળવી નિમણૂક કરવાની રહેશે.

(૭) આ સૂચનાઓ તાત્કાલીક અસરથી અમલમાં આવશે. વર્ગ–૩ ની જે જગ્યાઓ ભરવાની જાહેરાત પ્રસિધ્ધ થઈ ગયેલ હોય પરંતુ પસંદગી યાદી પ્રસિધ્ધ થઈ ન હોય તેવી ભરતીમાં ૨૦ ટકા પ્રતિક્ષા યાદીની આ જોગવાઈ લાગુ પડશે અને જાહેરાતમાં તે મુજબનો જરૂરી સુધારો કરવાનો રહેશે.

(૮) વર્ગ–૩ ના સંવર્ગોના ભરતી નિયમો/પરીક્ષા નિયમોમાં ઉપરોક્ત સૂચનાઓથી વિપરીત કોઈ સૂચના હોય અથવા પ્રતિક્ષા યાદીની જોગવાઈ ન હોય તો તેને પણ ઉપરોક્ત સૂચનાઓ લાગુ પડશે અને ભરતી નિયમો/પરીક્ષા નિયમોમાં જરૂરી સુધારો કરવાનો રહેશે.

આ હુકમોનો ચુસ્ત અમલ કરવા આથી સચિવાલયના સર્વે વિભાગો, તમામ ભરતી એજન્સીઓ તેમજ ખાતા/કચેરીના વડાઓને જણાવવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

**(કે.એમ.અધ્વર્યુ)**
**અધિક સચિવ(ક.ગ.)**
**સામાન્ય વહીવટ વિભાગ**
**ગુજરાત સરકાર**

**પ્રતિ,**
**માન.રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.**
**માન.મુખ્યમંત્રીશ્રીના અગ્રસચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.**
સર્વેમંત્રીશ્રી/રા.ક.મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
વિરોધપક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી, વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત વિધાનસભાના અંગત સચિવશ્રી, ગાંધીનગર.
*સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
*સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, અમદાવાદ.
*સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર.
*સચિવશ્રી, ગુજરાત મુલકી સેવા ટ્રિબ્યુનલ, ગાંધીનગર.
*રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઇકોર્ટ, અમદાવાદ.
*સચિવશ્રી, ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ, અમદાવાદ.
*સચિવશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર.
*સચિવશ્રી, ગુજરાત રાજ્ય માહિતી આયોગ, ગાંધીનગર.
સચિવાલયના તમામ વિભાગો **(તેમના તાબાના ખાતાના વડાઓ / કચેરીના વડાઓને યોગ્ય સુચના આપવાની વિનંતી સહ.)**
સામાન્ય વહીવટ વિભાગની તમામ શાખાઓ / અધિકારીઓ.
પસંદગી ફાઇલ.
*પત્ર દ્વારા.